રજી.પો.એ.ડી.ધ્વારા
<u>ટોચ અગ્રતા/મુદતી</u>
પત્ર.નં.સ્ટેમ્પ/મલત/૬/૦૭/ ૧૯૩૬

સુપ્રી.ઓફ સ્ટેમ્પસની કચેરી,
સ્ટેમ્પ અને નોધણી ભવન
સેકટર–૧૩/ સી, 'ખ' રોડ,
ગાંધીનગર
તા.૯/૨/૨૦૦૭

વંચાણમાં લીધું:– (૧) અત્રેની કચેરીના નં.સ્ટેમ્પ/મલત/૮૮/૦૬/૪૧૭૦ તા.૧૬/૬/૦૬
(૨) કચેરીના પરીપત્ર નં.સ્ટેમ્પ/મલત/૮૮/૦૬/૫૧૫૨ તા.૧/૮/૦૬
(૩) કચેરીના પરીપત્ર ન.સ્ટેમ્પ/મલત/૮૮/૦૬/૯૦૫૬ તા.૨૭/૧૦/૦૬
(૪) કચેરી ના પરીપત્ર ન.સ્ટેમ્પ/મલત/૬/૦૭ તા. ૧૦/૧/૨૦૦૭

<u>પરીપત્ર:–</u>

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ ની કલમ ૩૨–ક હેઠળના તા.૧/૪/૨૦૦૦ પહેલાના લેખો સંબધિત યોગ્ય માહિતી સમયસર અને ઝડપથી મળી રહે તથા જાહેર જનતા તરફથી દસ્તાવેજો સંબધે નોટીસો, હુકમો કે અસલ દસ્તાવેજ પરત નહી મળવા સંબધે રજુઆતના પ્રશ્નો ઉદ્‌ભવે નહી તે માટે અત્રેથી કલમ ૩૨–ક ના દસ્તાવેજો અંગે નિભાવવાના થતા રજીસ્ટરો બાબતે અવારનવાર સુચાનાઓ આપેલ છે. આમ છતાં આ અંગેની માહિતી/વિગતો નાયબ કલેકટરશ્રીઓની કચેરી તરફથી સમયસર ઉપલબ્ધ થતી નથી તથા માહિતી/વિગતોમાં વિરોધાભાસ જણાયેલ છે. આથી કલમ ૩૨–ક ના દસ્તાવેજો સંબધી સાચી માહિતી સમયસર અને ઝડપથી ઉપલબ્ધ થાય તે હેતુસર નીચે મુજબની કાર્યવાહી કરવા તમામ નાયબ કલેકટરશ્રીઓને આથી પુનઃ સુચના આપવામાં આવે છે.

(૧)તા.૩૧/૧/૨૦૦૭ સુધીમાં કલમ ૩૨–ક હેઠળ આખરી હુકમ કરવામાં આવેલ હોય અને વસુલાત માટે પડતર હોય તેવા તમામ કેસોની નોધ વસુલાતબાકી રજીસ્ટરોમાં કરવા અને તેમાં દસ્તાવે મળ્યા તારીખ,દસ્તાવેજ નંબર–તારીખ, નોટીસની રકમ, હુકમની ઠરાવેલ બજાર કિંમત, ખુટતી ડયુટી તથા દંડની રકમ વિગેરે તમામ જરૂરી દર્શાવવાની રહેશે.

(૨)તા.૧/૪/૨૦૦૦ પહેલાના કેસોમાં કલમ ૩૨–ક હેઠળ આખરી હુકમ થયેલ ન હોય તેવા દસ્તાવેજો સંબધમાં પણ દસ્તાવેજ નંબર, તારીખ,સબરજીસ્ટાર કચેરી તરફથી મળ્યા તારીખ,

અવેજની રકમ, નિયમ ૪(૨)મુજબની નોટીસની રકમ,નોટીસ આપ્યાની વિગતો સહિત પડતર કેસોના રજીસ્ટરમાં વિગતો દર્શાવવાની રહેશે.

ઉપરોકત (૧) અને(૨) અંગે તા.૧/૪/૨૦૦૦ પહેલાના કલમ ૩૨–ક ના તમામ દસ્તાવેજોની (વસુલાત બાકી તેમજ કલમ ૩૨–ક ના આખરી હુકમ માટે બાકી) ઉકત વિગતે સંબધિત રજીસ્ટરોમાં નોધ કરી આ અંગેનું પ્રમાણપત્ર અત્રેની કચેરીને તા.૧૫/૩/૨૦૦૭ સુધીમાં અચુક મોકલી આપવા આથી તમામ નાયબ કલેકટરશ્રીઓને જણાવવામાં આવે છે.ત્યાર બાદ વડી કચેરીથી ટીમ ધ્વારા આ કામગીરીની ખાત્રી પણ કરવામાં આવશે, જેની નોધ લેવી.

સહી/–
સુપ્રિ.ઓફ સ્ટેમ્પ
ગુજરાત રાજય,ગાંધીનગર

પ્રતિ,
શ્રી.....................
નાયબ કલેકટર
સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર
જિ....................

રવાના કર્યુ
અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પસ
ગુજરાત રાજય,ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ– નાયબ સચિવશ્રી મહેસુલ વિભાગ, હ–૧ શાખા, સચિવાલય, ગાંધીનગર